કાપડના વેપારીએ 8 કિલો 200 ગ્રામ વેટલેસ ફેબ્રિક્સ પર અયોધ્યાના રામ મંદિરનું ડિજિટલ પ્રિન્ટિંગ કર્યું

(તસવીર : હેમંત ડેરે)

વેપારી સજ્જન મહર્ષિએ મોદી સાથે અયોધ્યાના રામ મંદિરનાં દૃશ્યોવાળી ડિજિટલ પ્રિન્ટિંગ સાડી પણ બનાવી

સુરતઃ અયોધ્યામાં રામ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠાના ઐતિહાસિક દિવસને વધાવવા સુરતની 100 જેટલી કાપડ માર્કેટને ભવ્ય લાઈટિંગ સાથે શણગારવાનો કાર્યક્રમ યોજાવા જઈ રહ્યો છે. બીજી તરફ સુરતના કાપડના વેપારીઓ પણ રામમય બની રહ્યા છે. સુરતની M2 ટેક્સટાઇલ માર્કેટના વેપારી સજ્જન મહર્ષિએ પોતાના ડાઈંગ-પ્રિન્ટિંગ માસ્ટર કમલેશ પટેલ પાસે 8 કિલો 200 ગ્રામ વેટલેસ ફેબ્રિક્સ પર અયોધ્યાના રામ મંદિર અને નરેન્દ્ર મોદીની પ્રતિકૃતિનું ડિજિટલ પ્રિન્ટિંગ ફેબ્રિક્સ તૈયાર કરાવ્યું છે. વેપારી સજ્જન મહર્ષિએ મોદી સાથે અયોધ્યાના રામ મંદિરનાં દૃશ્યોવાળી ડિજિટલ પ્રિન્ટિંગ સાડી તૈયાર કરાવી છે.

મહર્ષિએ જણાવ્યું હતું કે, માસ્ટર કમલેશ પટેલની 6થી 7 દિવસની મહેનત પછી અયોધ્યાના રામ મંદિરનાં ભવ્ય દૃશ્યો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચિત્રણ સાથેની 8 કિલો 200 ગ્રામના વેટલેસ કાપડ પર આ કૃતિ તૈયાર થઈ છે. એનો ઉપયોગ ઘરે સીનરી-સજાવટ માટે થઈ શકે છે. લગ્નમંડપ, ધાર્મિક પંડાળ તથા અન્ય હેતુ માટે થઈ શકે છે. ભગવા, બ્લ્યુ, રેડ કલરમાં ડિજિટલ પ્રિન્ટિંગ કરવામાં આવી રહ્યું છે. સાડા છ મીટરની સાડીમાં પણ આ ડિઝાઇન પ્રિન્ટ કરવામાં આવી છે. ભગવા કલરમાં આ ફેબ્રિક્સનો ઉઠાવ વધુ આવે છે. સુરતની કાપડ માર્કેટ્સમાં અયોધ્યામાં રામ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠાના ઐતિહાસિક દિવસને વધાવવા માટે જુદા જુદા કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

અયોધ્યામાં રામ મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠાને લઈને 22 જાન્યુઆરીએ સુરતની કાપડ માર્કેટોમાં દિવાળી જેવો માહોલ જામશે. આ દિવસને ભવ્ય બનાવવા કાપડના વેપારીઓએ અત્યારથી તૈયારીઓ શરૂ કરી છે. રિંગ રોડની બંને તરફ 200 માર્કેટમાંથી 100 માર્કેટે લાઈટિંગ અને ફૂલોથી માર્કેટ એરિયાને શણગારવા માટેની તૈયારી ફોસ્ટા સમક્ષ દર્શાવી છે.

સુરતમાં બની રહ્યાં છે રામ નામના મહાકાય પતંગ

સમગ્ર દેશની સાથે સાથે સુરત પણ રામના રંગમાં રંગાઇ રહ્યું છે. ત્યારે સુરતમાં આગામી તહેવાર ઉતરાણમાં પણ સુરત રામમય થશે તે નક્કી જ છે. સુરતના પતંગના કારીગર મુકેશભાઇ પતંગવાલાએ અત્યાર સુધીમાં 7 ફૂટના 20 જેટલા પંતગ બનાવી દીધા છે અને આ એક પતંગ બનાવવા પાછળ બે દિવસની મહેનત જાય છે. આ પતંગની સળી માટે જે વાંસ વાપરવામાં આવે છે તેમાં 100 જેટલા વાંસમાંથી માંડ એક જ પતંગ ઉપર સેટ થાય છે.

ભરત મોના ફાયરિંગ કેસમાં બ્રિટનના લાભુભાઈ મેરની રિમાન્ડ માટેની DCBની અરજી નામંજૂર

2002માં વરાછામાં ભરત મોના પર બે અજાણ્યા ફાયરિંગ કરી નાસી છૂટ્યા હતા તેમાં લાભુભાઈ કેશવાલાનું નામ ખૂલ્યું હતું

સુરતઃ વરાછામાં ભરત મોના પર ફાયરિંગ પ્રકરણમાં બ્રિટનના રહીશ લાભુ કેશવાલાને પોલીસ કસ્ટડીમાં લેવાની ક્રાઈમ બ્રાંચ દ્વારા કરાયેલી રિમાન્ડ અરજી કોર્ટે નામંજૂર કરી હતી.

કેસની વિગત એવી છે કે વરાછામાં 6 જુલાઈ -2020માં વરાછામાં વર્ષા સોસાયટી-1 પાસેથી મોપેડ પર પસાર થતા ભરત મોના પર બે અજાણ્યાઓએ ફાયરિંગ કરીને નાસી ગયા હતા. ભરત મોનાને ઈજા થઈ હતી. વરાછા પોલીસ સ્ટેશનમાં હત્યાની કોશિષ અને આર્મસ એક્ટની કલમ હેઠળ ફરિયાદ નોંધાઈ હતી. તપાસમાં આરોપી તરીકે બ્રિટનના રહીશ લાભુભાઈ સુકાભાઈ કેશવાલાનું નામ ખુલ્યું હતું. આરોપી લાભુભાઈએ આગોતરા જામીન પર મુક્ત થવા માટે સેશન્સ કોર્ટમાં એડવોકેટ ગૌતમ આઈ. દેસાઈ મારફત અરજી કરી હતી. કોર્ટે આરોપી લાભુભાઈને 15-ડિસેમ્બર 2023ના રોજ આગોતરા જામીન પર મુક્ત કર્યો હતો. કોર્ટના હુકમ અનુસાર લાભુભાઈ કેસની તપાસ કરનાર ક્રાઈમ બ્રાંચના અધિકારીને તપાસમાં સાથ-સહકાર આપ્યો હતો.

દરમિયાન ક્રાઈમ બ્રાંચના અધિકારીએ આરોપી લાભુભાઈની કસ્ટોડિયલ ઈન્ટ્રોગેશનની જરૂરત છે તેવું જણાવી કોર્ટમાં આરોપીના 5 દિવસના રિમાન્ડની અરજી કરી હતી. આરોપી લાભુભાઈ તરફે એડવોકેટ ગૌતમ આઈ .દેસાઈ, રાકેશ એ. મૈસુરિયા અને હેમલ એમ.ભગત રિમાન્ડ અરજીનો વિરોધ કર્યો હતો. કોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ આરોપીની રિમાન્ડ અરજી નામંજૂર કરી હતી.

બીમાર માતાને મળવા આવેલા પૂણેના BSCના વિદ્યાર્થીનું અકસ્માતમાં મોત

લિંબાયતનો યુવાન મિત્રની જન્મદિનની ઉજવણી કરી ચા પીવા જઇ રહ્યો હતો

સુરતઃ લિંબાયતમાં બીમાર માતાને મળવા આવેલા વિદ્યાર્થીનું અકસ્માતમાં મોત નીપજ્યું હતું. પૂણેમાં BSCનો અભ્યાસ કરતો 21 વર્ષીય વિદ્યાર્થી રાત્રે મિત્રના જન્મ દિવસની ઉજવણી કરીને ચા પીવા જઈ રહ્યો હતો. તે દરમિયાન ડિંડોલી-ગોડાદરા ઓવર બ્રિજ પર ટેમ્પો પાછળ બાઈક ઘૂસી જતા મોત નિપજ્યું હતું. પરિવારના એકના એક દીકરાના મોતના પગલે પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો.

મૂળ મહારાષ્ટ્રના વતની, તુકારામ પાટીલ હાલ લિંબાયત વિસ્તારમાં આવેલા આસપાસ નગરમાં પત્ની તેમજ ત્રણ સંતાન સાથે રહે છે. તુકારામ ડ્રાઈવર તરીકે નોકરી કરે છે. તુકારામના સંતાન પૈકી ચંદ્રરાજ (ઉ. 21 વર્ષ) હાલ પૂણેમાં BSCનો અભ્યાસ કરતો હતો. જેના BSCનો અભ્યાસ પૂર્ણ થવાને 4 મહિના જ બાકી હતા. તેની માતા બીમાર હોવાથી તેને મળવા માટે બે દિવસ પહેલા સુરત આવ્યો હતો. ચંદ્રરાજ શુક્રવારે રાત્રે 11 વાગ્યાના અરસામાં શિવમ નામના મિત્રના જન્મ દિવસની ઉજવણીમાં ગયો હતો. મિત્રના જન્મ દિવસની ઉજવણી કર્યા બાદ ચંદ્રરાજ અન્ય મિત્રો સાથે 3 અલગ-અલગ બાઈક ઉપર ડિંડોલી મધુરમ સર્કલ પાસે ચા પીવા માટે નીકળ્યા હતા. ત્યારે મુકેશ પરમેશ્વર પાટીલ નામના મિત્રની બાઈક ઉપર ચંદ્રરાજ ત્રીપલ સવારીમા સૌથી છેલ્લે બેઠો હતો. તે દરમિયાન ડિંડોલી-ગોડાદરા ઓવર બ્રીજ ઉપર એક થ્રિ-વ્હીલ ટેમ્પોના ચાલકે અચાનક બ્રેક મારી ટેમ્પો ઊભો રાખી લીધો હતો. જેથી મુકેશે બાઈકને ટેમ્પોના પાછળના ભાગે ઠોકી દીધી હતી. જેથી ચંદ્રરાજને ગંભીર ઈજા થઈ હતી. તેમજ મુકેશ સહિત અન્ય એક મિત્રને સામાન્ય ઈજા થતાં ચમત્કારી બચાવ થયો હતો. ચંદ્રરાજને ગંભીર હાલતમાં સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. બીમાર માતાને મળવા આવેલા ચન્દ્રરાજને સુરત આવ્યાના એક દિવસમાં જ કાળ ભરખી ગયો હતો.

લોકોની અડફેટે લેતી સિટી બસોના સંચાલકોની શાન ઠેકાણે લાવવા પાલિકાનો છેલ્લો પ્રયાસ

4 દિવસમાં 5 સિટી બસ એજન્સીને 21.41 લાખનો દંડ

ઓવર સ્પીડ મામલે ડ્રાઇવરો હજુ પણ તંત્રની સૂચનાને ગાંઠતા નથી

સુરતઃ કતારગામ વિસ્તારમાં પ્રમુખ સ્વામી બ્રિજ પર થયેલા બીઆરટીએસના ગમખ્વાર અકસ્માત બાદ મનપા દ્વારા કડક નિયમો બનાવાયા છે. મનપા તંત્ર અને શાસકોએ તમામ બસ એજન્સીઓ સાથે બેઠેકો કરી ઝીરો એક્સિડન્ટ પોલિસીનો અમલ કરવા પણ સુચના આપી દેવામાં આવી છે. બસ સંચાલકોને હવેથી કોઈ પણ ફરીયાદ આવે તો સીધી નોટિસ પાઠવી દંડ જ ફટકારવામાં આવી રહ્યાં છે. જેમાં બેફામ બસ ચલાવવાની ફરિયાદો પણ વધી છે જેથી મનપા દ્વારા એજન્સીઓને ધડાધડ દંડ ફટકારવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત છેલ્લા 4 જ દિવસમાં મનપાએ કુલ 5 એજન્સીઓને 21.41 લાખનો દંડ ફટકાર્યો છે.

2 સપ્તાહ પૂર્વે કતારગામમાં જુની જીઆઈડીસી પાસે ફ્લાય ઓવર બ્રિજ પાસે બેફામ દોડી રહેલી બીઆરટીએસ બસે સાત બાઈક સહિત 9 વ્યક્તિને અડફેટે લીધા હતા. જેમાં એક વ્યક્તિનું ઘટના સ્થળે જ કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું અને અન્ય ઘાયલોને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ દુર્ઘટનાને પગલે શહેરીજનોમાં સિટી બસ અને બીઆરટીએસ બસના ચાલકો વિરૂદ્ધ ભારોભાર રોષની લાગણી પ્રસરી જવા પામી હતી.

છાશવારે સર્જાતી આ પ્રકારની ઘટનાઓને પગલે વહીવટી તંત્રની સાથે સાથે શાસકો દ્વારા પણ આત્મમંથન કરવામાં આવ્યું હતું. જેમાં શાસકો દ્વારા અકસ્માતો અટકાવવા માટે સખ્ત નિયમો લાગુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. અકસ્માતો પર અંકુશ મેળવવા માટે શાસકો દ્વારા બસ ચાલકો વિરૂદ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવાનો નિર્ણય લેવામાં આવતાં બસ ચાલકોમાં પણ આક્રોશ ફાટી નીકળ્યો હતો.

સીટીબસ ચાલકો દ્વારા હડતાળ પણ કરવામાં આવી હતી પરંતુ મનપાનું તંત્ર આ વખતે આકરા વલણમાં હોય, એજન્સીઓને દંડ ફટકારવામાં આવી રહ્યા છે.

છેલ્લા 4 દિવસમાં 21.41 લાખનો દંડ

એજન્સી	દંડ
એવી ટ્રાન્સ પ્રા.લિ	1,80,161
ગ્રીનસેલ સુરત પ્રા.લિ	11,15,303
શ્રી મારૂતિ ટ્રાવેલ્સ	70,410
ઠંસા વહાન ઈન્ડિયા પ્રા.લિ	4,50,196
ચાર્ટર્ડ સ્પીડ પ્રા.લિ	3,25,188
કુલ	**21,41,261**

જિંદગીથી કંટાળી સરથાણાનાં વૃદ્ધનો એસિડ પી ને આપઘાત

સુરત : જિંદગીથી કંટાળી સરથાણાના વૃદ્ધે એસિડ પી ને આત્મહત્યા કરી લીધી હતી. છેલ્લા 6 વર્ષથી વૃદ્ધ માનસિક બિમારીથી પીડિત હતો. નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, સરથાણા વિસ્તારમાં આવેલી અયોધ્યાપુરમ સોસાયટી-2માં વલ્લભભાઈ દયાભાઈ વેકરીયા (66 વર્ષ) પરિવાર સાથે રહેતા હતા. વલ્લભભાઈ નિવૃત્ત જીવન વ્યતીત કરતા હતા. વલ્લભભાઈ છેલ્લા 6 વર્ષથી માનસિક બિમારીથી પીડિત હતા. જેથી તેઓએ જિંદગીથી કંટાળીને ગુરુવારે સવારે 8 વાગ્યાના અરસામા એસિડ પી ને આત્મહત્યા માટે પ્રયાસ કર્યો હતો. જેથી પરિવારજનો તેને સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે લઈને આવ્યા હતાં. જ્યાં સારવાર દરમિયાન તેઓનું મોત નિપજ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, નાની નાની બાબતે લોકો આપઘાત કરી લેતા હોવાથી શહેરમાં આત્મહત્યાના બનાવો વધી રહ્યાં છે.

રિઝર્વ બેંકની ગાઈડલાઈનનો ભંગ કરનાર પંચશીલ બેંકને 50,000નો દંડ

બેંકિંગ રેગ્યુલેશન એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી

સુરત : રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ, 6 ડિસેમ્બર, 2023 ના આદેશ દ્વારા પંચશીલ મર્કેન્ટાઈલ કો-ઓપરેટિવ બેંક લિમિટેડ સુરત, પર 50,000 રૂપિયાનો નાણાકીય દંડ લાદ્યો છે. પ્રાથમિક (શહેરી) સહકારી બેંકો (UCBs) દ્વારા 'અન્ય બેંકો સાથે થાપણોની પ્લેસમેન્ટ' પર આરબીઆઈ દ્વારા જારી કરાયેલા નિર્દેશોનું પાલન નહીં કરવા બદલ આ દંડ બેંકિંગ રેગ્યુલેશન એક્ટ, 1949ની કલમ 46(4)(i) અને 56 અને કલમ 47.4(1)(c) હેઠળ ફટકારવામાં આવ્યો છે.

આરબીઆઈ દ્વારા 31 માર્ચ, 2022 ના રોજ તેની નાણાકીય સ્થિતિના સંદર્ભમાં બેંકનું વૈધાનિક નિરીક્ષણ અને ઈન્સ્પેકશન રિપોર્ટ રિસ્ક એસેસમેન્ટ રિપોર્ટ અને તેનાથી સંબંધિત તમામ પત્રવ્યવહારની તપાસમાં બહાર આવ્યું કે બેંકે પ્રુડેન્શિયલ ઈન્ટર-બેંકનો ભંગ કર્યો છે. કાઉન્ટરપાર્ટી એક્સપોઝર મર્યાદાના પરિણામે, બેંકને નોટિસ ફટકારવામાં આવી હતી. જેમાં જણાવવામાં આવ્યું છે તેમ આ નિર્દેશોનું પાલન કરવામાં નિષ્ફળતા બદલ તેના પર દંડ શા માટે લાદવામાં ન આવે તે અંગે કારણ નોટિસ પણ આપવામાં આવી હતી.

નોટિસના બેંકના જવાબ અને વ્યક્તિગત સુનાવણી દરમિયાન તેના દ્વારા કરવામાં આવેલી મૌખિક રજૂઆતોને ધ્યાનમાં લીધા પછી, RBI એ નિષ્કર્ષ પર આવી કે RBIના નિર્દેશોનું પાલન કરવામાં આવ્યું નથી.

નવી સિવિલમાં દવાની અછત, દર્દીઓ બહારથી લેવા મજબૂર

હાડકાના દુખાવાની બીમારીમાં વપરાતી દરરોજ લેવી પડતી દવા મોંઘા ભાવે બહારથી લેવી પડે છે

સુરત : નવી સિવિલ હોસ્પિટલમાં રેગ્યુલર લેવામાં આવતી વિટામિન D૩ સચેટ સહિતની સાતેક દવા છેલ્લા ત્રણેક મહિનાથી આવતી નથી. જેથી આ સાતેક દવાની અછતને કારણે દર્દીઓ બહાર ખાનગી મેડિકલ સ્ટોર પરથી આ દવા લેવા માટે મજબુર બન્યા છે.

નવી સિવિલ હોસ્પિટલમાં ટેનેલિગ્લિપ્ટિન ડાયાબિટીસ, પિઓગ્લિટાઝોન ડાયાબિટીસ, ફ્લુનારીઝીન માઇગ્રન, એન્ટિબાયોટિક સ્ટીરોઈડ ડ્રોપ, એર ડ્રોપ, વિટામિન ડી3 સચેટ, વિટામિન આઇવરમેક્ટિન, ડાયસાયક્લોમાઇન, તેમજ થાયરોક્સીન સહિતની ઘણી દવાઓ ઉપલબ્ધ નથી. જેથી દર્દીઓએ ખાનગી મેડિકલ સ્ટોર પરથી રૂપિયા આપીને લેવા માટે મજબુર બન્યા છે. સાતેક દવાઓ છેલ્લા ત્રણેક મહિનાથી નવી સિવિલ હોસ્પિટલમાં આવતી નથી. જેથી દર્દીઓએ ખાનગી મેડિકલ સ્ટોર પરથી રૂપિયા આપીને લેવી પડે છે. તેમજ જે દવાનો વધુ પડતો ઉપયોગ નથી તેવી દવાનો સ્ટોક કરી દેવામાં આવ્યો છે. પરંતુ જે દર્દીને દરરોજ જરૂરી છે તે દવા અહીં ત્રણ-ત્રણ મહિના સુધી આવતી નથી તેવું સૂત્રોએ જણાવ્યું હતું.

દર્દીઓને આ દવા મળતી નથી

ટેનેલિગ્લિપ્ટિન ડાયાબિટીસ, પિઓગ્લિટાઝોન ડાયાબિટીસ, ફ્લુનારીઝીન માઇગ્રન, એન્ટિબાયોટિક સ્ટીરોઈડ ડ્રોપ, એર ડ્રોપ, વિટામિન ડી3 સચેટ, વિટામિન આઇવરમેક્ટિન, ડાયસાયક્લોમાઇન, તેમજ થાયરોક્સીન 25 અને 50 એમજી સહિતની ઘણી દવાઓ ઉપલબ્ધ નથી.

ઘણી દવાઓ ડેપોમાં છે પરંતુ અમારા સુધી પહોંચી નથી. : ગણેશ ગોવેકર

સુરત નવી સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટ ડો. ગણેશ ગોવેકરે કહ્યું કે, મારી જાણકારી મુજબ ટેનેલિગ્લિપ્ટિન દવા નથી. મને અન્ય કોઈ દવાની ગેરહાજરી વિશે કોઈ માહિતી મળી નથી. પરંતુ ઘણી દવાઓ ડેપોમાં છે પરંતુ અમારા સુધી પહોંચી નથી. અમે ઘણી વખત કહ્યું છે કે દવાના સેમ્પલ તાત્કાલિક મોકલવામાં આવે અને તેનો ટેસ્ટ રિપોર્ટ આવે જેથી અમને દવા મળી શકે. હકીકતમાં રિપોર્ટ આવે ત્યાં સુધી દવા આપવામાં આવતી નથી.

દુબઈ, શ્રીલંકા અને બાંગ્લાદેશથી પણ બાયર્સ આવશે

સીટેક્ષ પ્રદર્શનની મુલાકાત માટે દેશભરમાંથી 20 હજારથી વધુનું રજિસ્ટ્રેશન

ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સરસાણા ખાતે ટેક્સટાઇલ મશીનરીઓનાં પ્રદર્શનનો આજથી પ્રારંભ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટરના ઉપક્રમે તા.૬, ૭ અને ૮ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ સવારે ૧૦થી સાંજે ૬ વાગ્યા દરમિયાન સરસાણાસ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'સીટેક્ષ-સુરત ઈન્ટરનેશનલ ટેક્સટાઇલ એક્સ્પો- ૨૦૨૪'નું આયોજન કરવામાં આવ્યું છે.

શનિવારે તા.૬ જાન્યુઆરીએ સવારે ૧૦ કલાકે સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે ભારતના એડિશનલ ટેક્સટાઇલ સેક્રેટરી એસ.પી.વર્માના હસ્તે સીટેક્ષ એક્સ્પો-૨૦૨૪નું ઉદ્ઘાટન કરવામાં આવશે. સ્ટોબલી ઇન્ડિયા પ્રા.લિ.ના મેનેજિંગ ડિરેક્ટર સુરજીત સિંઘ મહાજન સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે સ્થાન શોભાવશે. જ્યારે દેશના વિવિંગ ઉદ્યોગના નિષ્ણાત સમીર કુલકર્ણી, ફેડરેશન ઓફ ગુજરાત વિવર્સ વેલફેર એસોસિએશન (FOGWA) ના પ્રમુખ અશોક જીરાવાલા અને ફેડરેશન ઓફ સુરત ટેક્સટાઇલ ટ્રેડર્સ એસોસિએશન (FOSTTA) ના પ્રમુખ કૈલાસ હકીમ અતિથિ વિશેષ તરીકે હાજર રહેશે.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ રમેશ વઘાસિયાએ જણાવ્યું હતું કે, ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સમગ્ર ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીની મશીનરીને આવરી લેનારા પ્રદર્શન 'સીટેક્ષ' શ્રેણીનું આ નવમું પ્રદર્શન છે. ચેમ્બરના આ અતિ મહત્ત્વકાંક્ષી પ્રદર્શનનો પ્રમુખ ઉદ્દેશ શહેરના ટેક્સટાઇલ ઉદ્યોગને વૈશ્વિક સ્તરે એક નવી દિશા અને ગતિ આપવાનો છે. ટેક્સટાઇલ ટેક્નોલોજી એન્ડ મશીનરી માટે યોજાનારા આ એક્ઝિબિશનનો સીધો લાભ સુરતના વિકાસશીલ ટેક્સટાઇલ ઉદ્યોગને મળશે, જે વિકસિત ભારત ૨૦૪૭ની દિશામાં એક મહત્ત્વનું કદમ બની રહેશે, જે ઉત્પાદતામાં વૃદ્ધિની સાથે સાથે મોટા પાયે રોજગારી નિર્માણ કરવામાં ખૂબ જ મદદરૂપ બની રહેશે.

આ પ્રદર્શનમાં ૧૦૦થી વધુ એક્ઝિબિટર્સ દ્વારા ભાગ લેવામાં આવ્યો છે. આ એક્ઝિબિટર્સ ત્રણ દિવસ દરમિયાન ટેક્સટાઇલ મશીનરી, ટેક્સટાઇલ એન્સીલરી અને મશીનરીઓ, એમ્બ્રોઇડરી એન્ડ બ્રિડિંગ મશીનરી તથા એસેસરીઝ, ટેક્સટાઇલ એન્જિનિયરિંગ, ટેક્નિકલ ટેક્સટાઇલ સંબંધિત મશીનરીઓ, પોઝિશન અને ડિજિટલ પ્રિન્ટિંગ મશીન અને એસેસરીઝનું પ્રદર્શન કરવામાં આવશે. નોંધનીય છે કે, આ પ્રદર્શન સવારે ૧૦થી સાંજે ૬ કલાક સુધી ખુલ્લું રહેશે. ટેક્સટાઇલ મશીનરીઓનું પ્રદર્શન હોવાથી ૧૬ વર્ષથી નાની વયનાં બાળકોને પ્રદર્શનમાં પ્રવેશ આપવામાં આવશે નહીં તેની નોંધ લેવા વિનંતી કરવામાં આવી છે.

સીટેક્ષ એક્સ્પોની મુલાકાત માટે દેશભરમાંથી 20,000થી વધુનું ઓનલાઇન રજિસ્ટ્રેશન થયું છે. જેમાં મેરઠ, ઠાણે, ભીવંડી, ગુડગાંવ, બોઇસર, આગ્રા, કોટા, અજમેર, ગાંધીધામ, સાંગલી, વારાણસી, કોલકાતા, મુંબઇ, હૈદરાબાદ, પાણીપત, બેંગ્લોર, રાજકોટ, અમદાવાદ, વડોદરા, જેતપુર, બેલગામ, બેલાગાવી, દિલ્હી, જોધપુર, બિજનોર, ચેન્નાઇ, સેલમ, પૂણે, કોલ્હાપુર, સોલાપુર, નાસિક, દાદરા નગર હવેલી, મથુરા, ખાંડવા, ઇરોડ, લુધિયાણા, પાલી, જામનગર, આણંદ, પોરબંદર, કોટા, અંબરનાથ, ઇચ્છલકરંજી, મોરબી, ઔરંગાબાદ, અંકલેશ્વર, માલેગાંવ, કોડા કંડલા, ઉદયપુર, ગોંડલ, કલોલ, ધુળે, તિરૂપુર, બાલોતરા અને ઝાલોરથી ઓનલાઇન રજિસ્ટ્રેશન નોંધાયું છે. આ ઉપરાંત દુબઇ, શ્રીલંકા અને બાંગ્લાદેશથી પણ આ એક્ઝિબિશનમાં બાયર્સ આવવાના છે, જેનો બહોળો લાભ એક્ઝિબિટર્સ તેમજ સુરતની સમગ્ર ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીને મળી રહેશે.

અઢી હજારના ફોન લેવા બાબતે આધેડનું ઢીમ ઢાળી દેનાર ઝડપાયો

સુરતઃ કૌટુંબિક ભાઇ સાથે નજીવી પૈસાની લેતીદેતીમાં થયેલા ઝઘડાને કારણે જોરથી પથ્થર મારી મૃત્યુ નિપજાવનાર આરોપીને ગણતરીના કલાકોમાં પાંડેસરા પોલીસે ઝડપી પાડ્યો હતો. તા.૩/૧/૨૦૨૪ના રોજ બંસીરામ શક્તિલાલ પાસેથી બે મોબાઈલ ફોન લઇ આવ્યા હતા. શક્તિલાલ વર્મા અને અમંતરામ ઉર્ફે બહેરા રાતના આશરે સાડા દસ વાગ્યે રાધાદેવી રામુકુમારના ઘરે આવ્યા હતા. દરમિયાન રામુ વર્મા અને બંસીરામ વર્મા વાતચીત કરી રહ્યા હતા. ત્યારે શક્તિલાલ વર્માએ બંસીરામની સાથે ફોન લેવા માટે ઝપાઝપી કરી હતી. તે વખતે રામુભાઇ વચ્ચે પડ્યા હતા. ત્યારે તેમના માથામાં જોરથી બોથડ પદાર્થ મારી દેતાં તેનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. આ ઘટનામાં પોલીસે હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

નેપાળના બ્રેઈનડેડ યુવકનાં લિવર, બે કિડની અને હૃદયના દાનથી ચાર વ્યક્તિને મળશે નવજીવન

નવી સિવિલના તબીબોના પ્રયાસોના પરિણામે 52મું સફળ અંગદાન

કિડની અને લિવરને અમદાવાદની KD હોસ્પિટલ ખાતે તથા હૃદય સિમ્સ હોસ્પિટલ-અમદાવાદ ખાતે લઇ જવામાં આવ્યાં

સુરત : મૂળ નેપાળના, હાલ મગદલ્લા ખાતે રહેતા અને રસોઈકામ કરતા 23 વર્ષીય બ્રેઈનડેડ યુવકના લિવર, બે કિડની અને હૃદયના દાનથી ચાર જરૂરિયાતમંદ દર્દીઓને નવજીવન મળશે.

નેપાળના વતની 23 વર્ષીય નબરાજ બહાદુરભાઇ ભુજેલ રસોઈ કામ સાથે સંકળાયેલા હતા. 2 જાન્યુઆરીના રોજ પોતાની બહેનના ઘરેથી બાઈક પર પરત ફરી રહ્યા હતાં. ત્યારે બાઈકનો અકસ્માત થયો હતો. રસ્તા પર બેભાન અવસ્થામાં મળી આવતા કોઈ અજાણ્યા વ્યક્તિએ નબરાજના મોબાઈલથી સંપર્ક કરી પરિવારને જાણ કરી હતી. 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં માથામાં ગંભીર ઈજા અને હેમરેજનું નિદાન થતા સિવિલના આઈસીયુમાં શિફ્ટ કરાયા હતા. સારવાર દરમિયાન ગુરુવારે ડો.જય પટેલ તથા ડો.હરિન મોદી, ડો.નિલેશ કાછડીયા અને RMO ડો.કેતન નાયકે બ્રેઈનડેડ જાહેર કર્યા હતા.

નેપાળી પરિવારના સભ્યોને ડો.નિલેશ કાછડીયા, ડો.કેતન નાયક, ગુજરાત નર્સિંગ કાઉન્સિલના ઈકબાલ કડીવાલા, કાઉન્સેલર નિર્મલા કાથુડએ અંગદાનનું મહત્વ સમજાવ્યું હતું. જેથી પરિવારજનોએ સંમતિ આપતા શુક્રવારે બ્રેઈનડેડના કિડની અને લિવરને અમદાવાદની KD હોસ્પિટલ ખાતે તથા હૃદય સિમ્સ હોસ્પિટલ-અમદાવાદ ખાતે લઇ જવામાં આવ્યા હતા. જેથી નવી સિવિલ હોસ્પિટલમાં શુક્રવારે વધુ એક અંગદાન સાથે 52મુ સફળ અંગદાન થયું હતું.

GST ટેક્સનું ચલણ ભરવાની પ્રક્રિયા સરળ બનાવાઈ

સુરતઃ સીબીડીટીએ GST ટેક્સનું ચલણ ભરવાની પ્રક્રિયા સરળ બનાવી છે.અત્યાર સુધી આ સુવિધા માત્ર આવકવેરા પોર્ટલ પર જ ઉપલબ્ધ હતી, પરંતુ હવે GSTમાં પણ કરદાતાઓને ડેબિટ અને ક્રેડિટ કાર્ડ દ્વારા GST ટેક્સનું ચલણ ભરવાની સુવિધા આપવામાં આવી છે.પ્રારંભમાં માત્ર કોટક મહિન્દ્રા બેંક દ્વારા જ ચુકવણી કરી શકાશે. ભવિષ્યમાં, અન્ય બેંકોમાંથી ચુકવણી કરવાની સાથે, ટૂંક સમયમાં UPI દ્વારા ચુકવણી કરવાની સુવિધા પણ મળશે,જેનો લાભ ઘણા કરદાતાઓને મળશે. આ સુવિધા આસામ, દિલ્હી, ગોવા, ગુજરાત જેવા 10 રાજ્યોમાં પછી હરિયાણા, હિમાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓરિસ્સામાં આપવામાં આવશે. જીએસટી કાયદો અમલમાં આવ્યો ત્યાર બાદ તેમાં અનેક વખત સુધારા વધારા કરવામાં આવ્યા છે ત્યારે હવે આ નવું ફોર્મ સરળીકરણ માટે હોય તેવું હાલમં તો વેપારીઓને લાગી રહ્યું છે.

ચેક રિટર્નના કેસમાં આરોપીને 1 વર્ષની સજા

ચેકની પૂરેપૂરી રકમ ચૂકવવા હુકમ કરતી કોર્ટ

કાપડ ખરીદ્યું હતું તેના પેમેન્ટ માટે આપેલો ચેક રિટર્ન થયો હતો

સુરતઃ ચેક રિટર્નના કેસમાં કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવીને એક વર્ષની સજા અને ચેકની રકમ ચૂકવવા હુકમ કર્યો હતો. કેસની વિગત એવી છે કે ફરિયાદી હોશેદર બી.દલાલ અને આરોપી હર્ષદ એમ. લાખાણી બંને કાપડનો વેપાર કરે છે. આરોપીએ ફરિયાદી પાસેથી કાપડ ખરીદ્યું હતું. તેના પેમેન્ટની ચૂકવણી માટે આપેલો 5,14,653 રૂપિયાનો ચેક આપ્યો હતો. ફરિયાદીએ ચેક બેંકમાં જમા કરાવતા ફંડ ઈનશફીશિયન્ટના શેરા સાથે રિટર્ન થયો હતો. ફરિયાદી